મત્સ્યઉદ્યોગ પ્રભાગ હેઠળ વર્ષ ૨૦૨૬-૨૭ માં "ટ્રોલર/ડોલનેટર/ગીલનેટર બોટોને માછીમારી જાળ અને હુક &લાઈન ઉપર ૫૦% સહાય" માટેની નવી બાબત અંગેની યોજનાકીય શરતો અને બોલીઓ બાબત.

ગુજરાત સરકાર

કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

ઠરાવ ક્રમાંક: ACD/BUM/e-file/2/2026/0061/T

સચિવાલય, ગાંધીનગર

વંચાણે લીધા:-

(૧) મત્સ્યોદ્યોગ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગરનો પત્ર ક્રમાંક: COF/NIF/e-file/301/2025/2368/Marine, તા. ૦૧/૦૧/૨૦૨૬

(૨) મત્સ્યોદ્યોગ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગરનો પત્ર ક્રમાંક: COF/NIF/e-file/301/2025/2368/Marine, તા. ૧૦/૦૩/૨૦૨૬

**પ્રસ્તાવના:-**

રાજ્યમાં આશરે ૯૬૨૬ ટ્રોલર બોટો , ૨૬૦૦ જેટલી ડોલનેટર બોટો તેમજ ૫૬૦૦ જેટલી આઈબીએમ ગિલનેટર બોટો કાર્યરત છે. ફીશીંગ માટે માછીમારોને બોટ દીઠ સરેરાશ રૂ. ૮.૦૦ લાખની જાળની જરુરિયાત રહે છે. ફીશીંગ દરમ્યાન જાળમાં વિવિધ કારણોસર જાળને વ્યાપક નુક્સાની થતી હોય છે જેમા સમુદ્ર તળ સાથે ભૌતિક ઘર્ષણ અને ઘસારો મુખ્ય છે. દર વર્ષે તેઓને સૂચારૂરૂપે ફીશીંગ કરવા માટે જાળની ખરીદી કરવા માટે મોટી રકમનો ખર્ચ થાય છે. આ યોજનાના અમલથી જૂની અથવા નુકસાનગ્રસ્ત જાળને બદલે નવી મજબૂત અને ગુણવત્તાયુક્ત જાળ ઉપલબ્ધ કરાવી શકાશે જેનાથી ઘોસ્ટ નેટનો પ્રશ્ન ઉપસ્થિત થશે નહીં. મોટી બોટ ધરાવતા માછીમારોને આધુનિક માછીમારી સાધનો પ્રદાન કરવાથી ઉત્પાદન ક્ષમતા વધશે તેમજ TED નો ઉપયોગ, 40 m m કોડનેટ વગેરે કાયદાકીય જોગવાઈનો અમલ સૂચારૂ કરી શકાશે.આથી, ટ્રોલર/ડોલનેટર/ગીલનેટર બોટોને માછીમારી જાળ અને હુક &લાઈન ઉપર ૫૦% સહાય આપવાનું આયોજન રાજ્ય સરકારે કરેલ છે.

ઉપર વંચાણે લીધેલ અનુક્રમે ક્રમ-(૧) અને (૨) સામે દર્શાવેલ મત્સ્યોદ્યોગ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગરના પત્રોથી "ટ્રોલર/ડોલનેટર/ગીલનેટર બોટોને માછીમારી જાળ અને હુક &લાઈન ઉપર ૫૦% સહાય" યોજનાને દરિયાઈ સાધનો પૂરા પાડવા અને પૂર્વજરૂરી સવલતો પૂરી પાડવાની યોજનાના બજેટ સદર : ૦૬-૨૪૦૫-૦૦-૧૦૩-૦૧ હેઠળ વર્ષ :૨૦૨૬-૨૭ ના અંદાજપત્રમાં નવી બાબતની સૈધ્ધાતિંક મંજૂરી મેળવવા માટે આ નવી બાબતની યોજનાકીય સૂચિત

શરતો અને બોલીઓ સહ દરખાસ્ત કરવામા આવેલ હતી જે સરકારશ્રીના વિચારણા હેઠળ હતી.

**: ઠરાવ :**

વિચારણાને અંતે રાજ્ય સરકાર દ્વારા મત્સ્યોદ્યોગ પ્રભાગ હેઠળ રાજ્યમાં "ટ્રોલર/ડોલનેટર/ગીલનેટર બોટોને માછીમારી જાળ અને હુક &લાઈન ઉપર ૫૦% સહાય " યોજનાની નવી બાબત માટે નીચે મુજબની શરતો ઠરાવવાનું નક્કી કરવામાં આવે છે.

**શરતો:**

(૧) અરજદાર દ્વારા અરજી કરવાની પ્રક્રિયાથી લઈને નાણાકીય સહાય ચૂકવવા સુધીની આખી પ્રક્રિયા I-khedut Portal મારફત કરવાની રહેશે.

(૨) માછીમારી બોટ રીયલ ક્રાફટ અંતર્ગત રજીસ્ટર થયેલ હોવી જોઈએ.

(૩) બોટનું માછીમારી માટેનું વેલીડ ફીશીંગ લાયસંન્સ ધરાવતા હોવા જોઈએ.

(૪) દરિયામાં માછીમારી કરતી ટ્રોલનેટર-ડોલનેટર-ગીલનેટર IBM બોટધારકોને માછીમારી જાળ તથા અનુસંગિક વસ્તુઓ જેમ કે હેડ રોપ ,ફૂડ રોપ,ટેડ ,ફ્લોટર ,સિંકર વિગેરે તેમજ હુક અને લાઈન અને અનુષાંગિક વસ્તુઓની ખરીદી ઉપર લાભ મળવાપાત્ર થશે.

(૫) ટ્રોલનેટ-ડોલનેટ-ગીલનેટની ખરીદી કરતાં પહેલાં જીલ્લાધિકારીની સૈદ્ધાંતિક મંજૂરી મેળવવાની રહેશે.આઇ ખેડુત પોર્ટલ પર અરજી મળ્યેથી જિલ્લા અધિકારી એ જરુરી દસ્તાવેજની ચકાસણી કરી સૈધ્ધાતિંક મંજૂરી આપવાની રહેશે.

(૬) આ યોજના તળે એક વખત લાભ મેળવ્યા બાદ બે વર્ષ પછી લાભાર્થી માછીમારને ફરીથી આ યોજના તળે લાભ મળવાપાત્ર થશે.

(૭) આ યોજના તળે યુનિટ કોસ્ટ રૂ. ૮.૦૦ લાખ લાખના ૫૦% એટલે કે રુ. ૪.૦૦ લાખ મહત્તમ સહાય અથવા ખરેખર થયેલ ખર્ચના ૫૦% બન્ને માંથી જે ઓછુ હોય તે સહાય મળવાપાત્ર થશે.

(૮) ટ્રોલનેટ-ડોલનેટ-ગીલનેટની તેમજ હુક અને લાઇનની ખરીદી માછીમારે ખુલ્લા બજારમાંથી કરવાની રહેશે અને ખરીદીના જીએસટી ધરાવતા બીલ જીલ્લા અધિકારીને રજૂ કર્યા બાદ જ સહાય મળવાપાત્ર થશે જે માત્ર માછીમારીના હેતુ માટે લેવાની રહેશે.

(૯) જીલ્લા અધિકારીએ ટ્રોલનેટ-ડોલનેટ-ગીલનેટની તેમજ હુક અને લાઇનની ભૌતિક ચકાસણી કરવાની રહેશે અને તે મતલબના પ્રમાણપત્ર અને અરજદાર-વસ્તુ સાથેના જિઓ ટેગ ફોટો સાથે સહાય માટે વિભાગીય વડાને ભલામણ સહ દરખાસ્ત કરવાની રહેશે. આ ઘટક તળે સહાય મંજૂર કરવાની સત્તા વિભાગીય વડાની રહેશે. વિભાગિય વડા દ્વારા ૧૦% અરજદાર દ્વારા ખરીદેલ વસ્તુ ની ખરાઈ કરવાની રહેશે.

(૧૦) સરકારશ્રી તરફથી કે ખાતાના વડાશ્રી તરફથી વખતોવખત જે બોલીઓ અને શરતોમાં સુધારો વધારો કરવામાં આવે તો તે લાભાર્થીને બંધનકર્તા રહેશે.

(૧૧) સદર સહાયની રકમ લાભાર્થીના બેંકના ખાતામાં DBTથી જમા કરાવવાની રહેશે.

(૧૨) ટ્રોલનેટની ખરીદીના કિસ્સામાં લાભાર્થીએ કોડ એન્ડમાં ફરજીયાત TED (Turtle Excluder Device) લગાવવાનું રહેશે. તેમજ જાળ ના કદ માટે મત્સ્યોદ્યોગ અધિનિયમ ૨૦૦૩ ની કલમ ૬(૪)


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

(ક)(ખ) નુ પાલન કરવા નુ રહેશે.

(૧૩) લાભાર્થીએ મત્સ્યોદ્યોગ અધિનિયમ ૨૦૦૩ ની કલમ ૭(૩૨) (૩૩) નુ પાલન કરી બોટની જૂની જાળનો યોગ્ય વૈજ્ઞાનિક ઢબે નિકાલ કરવાનો રહેશે અને તે અંગેની બાંહેધરી અરજી કરતાં સમયે આપવાની રહેશે તથા તેને જિલ્લા અધિકારીએ પ્રમાણિત કરવાનું રહેશે.

(૧૪) ખરીદીના  બિલમાં નેટની માપ સાઈઝ , વજન અને મેશ સાઈઝનો ઉલ્લેખ ફરજિયાત હોવા જોઈએ.

(૧૫) ટોકન સોફ્ટવેરમા મત્સ્યપકડશનાં આંકડા નિયમિત ઓનલાઇન કરવાના રહેશે.

(૧૬)  લાભાર્થી ગુજરાત રાજ્યનો વતની હોવો જોઈએ.

આ અંગેનો ખર્ચ નીચેના બજેટ સદરે કરવાનો રહેશે.

માંગણી નં : ૦૦૬

સેકટર : ગ : આર્થિક સેવાઓ

સબસેકટર : ક : કૃષિ અને સંલગ્ન પ્રવૃતિઓ

મુખ્યસદર : ૨૪૦૫-મત્સ્યોધોગ

ગૌણસદર : ૧૦૩-દરિયાઈ મત્સ્યોધોગ

પેટા સદર : ૦૧. એફએસએચ-૭. ૧૦૩ (૦૧) દરિયાઇ મત્સ્યોધોગ સાધનો પૂરા પાડવા અને પૂર્વજરૂરી સવલતો

આ હુકમો આ વિભાગની સમાનાંકી ઈ- ફાઈલ પર અધિક મુખ્ય સચિવશ્રી (નાણાં) અને સરકારશ્રીની મળેલ અનુમતિ અન્વયે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે ,

(ક્રિનલ જાની)
સેકશન અધિકારી
કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

પ્રતિ ,

(૧) માન. મંત્રીશ્રી, મત્સ્યોદ્યોગના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય ગાંધીનગર

(૨) માન.રા.ક.મંત્રીશ્રી, મત્સ્યોધોગના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય,ગાંધીનગર

(૩) અધિક મુખ્ય સચિવશ્રી, (મત્સ્યોદ્યોગ)ના રહસ્ય સચિવશ્રી, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૪) મત્સ્યોદ્યોગ કમિશનરશ્રી, મત્સ્યોદ્યોગ કમિશનરશ્રીની કચેરી , ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૫) નાણાં સલાહકારશ્રી, (કૃષિ )કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૬) ઉપ મહાલેખાકારશ્રી(ઈએસ-૧) એકાઉન્ટન્ટ જનરલશ્રીની કચેરી, અમદાવાદ(ઈ એન્ડ એસ ઓડીટ) ઓડીટ ભવન, નવરંગપુરા, અમદાવાદ.

(૭) એકાઉન્ટટ જનરલશ્રીની કચેરી, રાજકોટ

(૮) બજેટ શાખા/આયોજન શાખા કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૯) નિવાસી તપાસણી અધિકારીશ્રી,ગાંધીનગર

(૧૦)પગાર અને હિસાબી અધિકારીશ્રી,ગાંધીનગર.

(૧૧) IT શાખા, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની સાઈટ પર

અપલોડ કરવાની વિનંતી સહ.

(૧૨) સીલેકટ ફાઇલ.

Signature Not Verified

Signed by:Krinal V Jani
Section Officer
Date:2026.04.01
13:48:35 +5:30



Open the document in Adobe Acrobat DC to verify the E-sign